Saturday
25.07.2026
*Volume :11 * Issue No.21
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત    વંદે માતરમ્

# કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વહીવટી તંત્ર સાથે વાતચીત કરી ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં વરસાદની સ્થિતિની પુન: સમીક્ષા કરતા શ્રી અમિતભાઈ શાહ



અમદાવાદ શહેરમાં સરેરાશ ૧૮.૪૨ ઇંચ કરતાં પણ વધુ વરસાદ પડવાથી નિર્માણ થયેલ પરિસ્થિતિ પર શ્રી શાહ રાખી રહ્યા છે ચાંપતી નજર

**ભારે વરસાદની પરિસ્થિતિમાં નાગરિકોને અગવડ ન પડે તે માટે યુદ્ધના ધોરણે આવશ્યક એવા તમામ પગલાં લેવા વહીવટી તંત્રને સૂચના આપતા શ્રી અમિતભાઈ શાહ**

**હવામાન નિષ્ણાંતોના મંતવ્ય પ્રમાણે એકસાથે ત્રણ થી ચાર સિસ્ટમ સક્રિય થવાના પરિણામે અને સાયક્લોનિક સર્ક્યુલેશન અને શિયર ઝોન સિસ્ટમના મિડલ પાર્ટ અમદાવાદ વિસ્તારમાં કેન્દ્રિત થવાના પરિણામે ઉદ્ભવી આ પરિસ્થિતિ**

કમલમ્,

રાજ્યમાં વરસી રહેલા ભારે વરસાદ અને તેના પરિણામે સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તથા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વહીવટી તંત્ર સાથે વાતચીત કરી ગાંધીનગર લોકસભા ક્ષેત્ર તેમજ ગુજરાતમાં વરસાદની સ્થિતિની પુનઃસમીક્ષા કરી હતી. અત્રે એ પણ મહત્વનું છે કે હવામાન નિષ્ણાંતોના મંતવ્ય પ્રમાણે એકસાથે ત્રણ થી ચાર સિસ્ટમ સક્રિય થવાના પરિણામે અને સાયક્લોનિક સર્ક્યુલેશન અને શિયર ઝોન સિસ્ટમના મિડલ પાર્ટ અમદાવાદ વિસ્તારમાં કેન્દ્રિત થવાના પરિણામે આગાહી કરતા પણ વધુ સરેરાશ ૧૮ ઈંચ કરતાં પણ વધુ વરસાદ પડવાથી આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે અમદાવાદ - ગાંધીનગર વિસ્તારમાં સરેરાશ વધુ વરસાદને લઈને ઊભી થયેલ પરિસ્થિતિ પર શ્રી શાહ ચાંપતી નજર રાખી રહ્યા છે. ગઈકાલે શ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રીશ્રી તેમજ વહીવટી તંત્ર સાથે વાતચીત કરી વરસાદની સ્થિતિનો તાગ મેળવી નાગરિકોને મુશ્કેલીઓ ન પડે તે માટે જરૂરી દિશા નિર્દેશ આપ્યા હતા. જે સંદર્ભમાં શ્રી શાહે પરિસ્થિતિની પુનઃ સમીક્ષા કરી હતી. શ્રી અમિતભાઈ શાહે વહીવટી તંત્રને સ્પષ્ટસૂચના આપી છે કે વરસાદને કારણે સામાન્ય જનજીવન પર ઓછામાં ઓછી અસર થાય અને નાગરિકોને કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે માટે તમામ વિભાગો સંપૂર્ણ સતર્કતા

**જરૂર જણાય ત્યાં તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી હાથ ધરવા તેમજ પાણીના ઝડપી નિકાલ માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ કાર્યરત કરવા સ્થાનિક પ્રશાસનને સૂચના આપતા શ્રી અમિતભાઈ શાહ**

સાથે કામગીરી કરે. શ્રી શાહે નીચાણવાળા વિસ્તારોમાં સતત દેખરેખ રાખવા, જરૂર જણાય ત્યાં તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી હાથ ધરવા તેમજ

**ભારે વરસાદ દરમિયાન બિનજરૂરી મુસાફરી ટાળવા, સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા નાગરિકોને અપીલ કરતા શ્રી અમિતભાઈ શાહ**

**શ્રી શાહની તાકીદના સંદર્ભે સ્થાનિક પ્રશાસન દ્વારા પાણીના નિકાલ સહિતની સમસ્યાઓના નિરાકરણ માટે યુદ્ધના ધોરણે લેવાઈ રહ્યા છે પગલાઓ**

પાણીના ઝડપી નિકાલ માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ કાર્યરત કરવા સ્થાનિક પ્રશાસનને સૂચના આપી છે. શ્રી શાહે આરોગ્ય સેવાઓ, પીવાના પાણીનો પુરવઠો, વીજળી સહિતની તમામ આવશ્યકસેવાઓ સતત ચાલુ રહે તેની ખાતરી કરવા વ્યવસ્થા તંત્રને કરેલ તાકીદના સંદર્ભે સ્થાનિક પ્રશાસન દ્વારા વોટર લોગીંગ સ્પોટ પર કેચપીટ, નિક અને મશીનહોલ દ્વારા પાણીના નિકાલ, ફરિયાદોના નિવારણ, ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ, ધરાશયી થયેલ વૃક્ષો હટાવવા સહિતના પગલાંઓ યુદ્ધના ધોરણે લેવાઈ રહ્યા છે. આ ઉપરાંત એ.એમ.સી.ના મુખ્ય કંટ્રોલ રૂમ ખાતે ડેશબોર્ડના માધ્યમથી રિયેલ ટાઈમ મોનીટરીંગ પણ કરવામાં આવી રહ્યું છે. શ્રી શાહે ગુજરાત તેમજ ગાંધીનગર લોકસભા ક્ષેત્રના નાગરિકોને પણ અપીલ કરી છે કે ભારે વરસાદ દરમિયાન બિનજરૂરી મુસાફરી ટાળે, સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરે તથા કોઈપણ પ્રકારની આપત્તિજનક સ્થિતિ સર્જાય તો તાત્કાલિક સંબંધિત સરકારી તંત્રનો સંપર્ક કરે.

# ઉમરગામમાં નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ અસરગ્રસ્તોની મુલાકાત લીધી, તાત્કાલિક સહાય ચૂકવવા અધિકારીઓને સૂચના આપી

**ભીલાડ, સાતનાળા અને ધોડીપાડામાં વરસાદથી થયેલા નુકસાનનું નિરીક્ષણ કરી વહીવટી તંત્રને ઝડપથી સર્વે પૂર્ણ કરવા તાકીદ કરી**




કમલમ્,વલસાડ,

વલસાડ જિલ્લાના ઈતિહાસ માં ચોમાસા દરમિયાન માત્ર એક દિવસમાં સૌથી વધુ ૪૨.૫૬ ઈંચ ધોધમાર વરસાદ પડતા ઉમરગામ તાલુકામાં અનેક ગામોમાં ભારે ખાનાખરાબી સર્જાઈ હતી, જેને પગલે રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી આજરોજ શુક્રવારે ઉમરગામ તાલુકાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે આવી પહોંચ્યા હતા. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમરગામના વિવિધ વિસ્તારોની મુલાકાત દરમિયાન વરસાદથી થયેલા નુકસાનનું નિરીક્ષણ કરી વહીવટી તંત્રનેઝડપથી સર્વે પૂર્ણ કરી અસરગ્રસ્તોને સમયસર સહાય પહોંચાડવા સૂચનાઓ આપી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમરગામ ના ધારાસભ્યશ્રી રમણલાલ પાટકર અનેપારડી પ્રાંત અધિકારીશ્રી નિરવ પટેલ પાસેથી તાલુકાની સમગ્ર સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. આ સાથે ભીલાડ, સાતનાળા અને ધોડીપાડા સહિતના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ સ્થાનિક લોકો સાથે લાગણીસભર વાતચીત કરી પૂરની ભયાનકતાનો તાગ મેળવ્યો હતો. તેમણે અસરગ્રસ્ત પરિવારોને વહેલી તકે સરકાર તરફથી સહાય મળી રહે તે માટે ઉપસ્થિત અધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. આ સાથે જ ખેડૂતો, પશુપાલકો તથા વરસાદથી અસર પામેલા તમામ પરિવારોને સરકારની યોજનાઓ હેઠળ યોગ્ય અને સમયસર સહાય મળે તે માટે સંબંધિત વિભાગોને જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન વલસાડ-ડાંગના સાંસદશ્રી અને લોકસભાના દંડકશ્રી ધવલભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા સહિત આગેવાનો અને વહીવટી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ જિલ્લામાં જનજીવન ધબકતું કરવા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ ઉચ્ચ અધિકારીઓની મહત્વપૂર્ણ બેઠક બોલાવી

**નુકશાનીના ક્લેઇમ વહેલીતકે મંજૂર થાય તે માટે વીમા કંપનીઓને માનવતાના ધોરણે ટીમો વધારી જલ્દી સર્વે પૂર્ણ કરવા તાકીદ કરી**

**પાલિકા વિસ્તારમાં સ્વચ્છતા માટે તાત્કાલિક ધોરણે વધારાના સ્ટાફની ફાળવણી કરવા નાયબ મુખ્યમંત્રીશ્રીએ આદેશ કર્યા**



**ગામડામાં પાણી ઉતરતા વીજ પુરવઠો પુનઃ કાર્યરત થાય તે માટે યુદ્ધના ધોરણે રીપેરીંગ કામગીરી ચાલી રહી છે**

કમલમ્,વલસાડ,

વલસાડ જિલ્લામાં પુરની પરિસ્થિતિ બાદ જનજીવન થાળે પડે તે માટે યુદ્ધના ધોરણે કામગીરી પૂર્ણ કરવા રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી એ શુક્રવારે સવારે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઉચ્ચ અધિકારીઓની બેઠક બોલાવી હતી, જેમાં જે વિસ્તારમાં પૂરના પાણી ઓસર્યા હોય તે વિસ્તારોમાં ઝડપભેર સર્વે પૂર્ણ થાય, કેશ ડોલ અને રાશન કીટનું વિતરણ, રોડ રસ્તાનું રીપેરીંગ અને વહેલીતકે સર્વે પૂર્ણ કરી નુકશાનીના ક્લેઈમ મંજુર કરવા સહિતની અનેકવિધ કામગીરી અંગે આદેશ કર્યા હતા. પુર બાદ વલસાડ જિલ્લાને ઝડપભેર બેઠો કરવા માટે બોલવાયેલી આ મહત્વપૂર્ણ મિટિંગમાં નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે, જિલ્લામાં રેસ્ક્યુની કામગીરી આજે મળસ્કે ૫:૩૦ વાગ્યા સુધી ચાલી હતી. હવે પૂરના પાણી ઓસર્યા બાદ સાફ સફાઈ સહિતની કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. જેમાં ખાસ કરીને શહેરી વિસ્તારમાં સ્વચ્છતા અને ગ્રામ્ય વિસ્તારમાં વાહન વ્યવહાર માટેના રસ્તા રીપેરીંગ પર વિશેષ ધ્યાન આપવા જણાવ્યું હતું. શહેરી વિસ્તારમાં એપાર્ટમેન્ટના પાર્કિંગ તેમજ ભોંયતળિયે ભરાયેલા પાણીના નિકાલ માટે અને પાલિકા વિસ્તારમાં સ્વચ્છતા માટે વધારાના સ્ટાફની ફાળવણી કરવા જણાવ્યું હતું. ગંદકી, સડેલું અનાજ અને કચરાના નિકાલ માટે દરેક અસરગ્રસ્ત વિસ્તારમાં ટીમ બનાવી એક જેસીબી અને ત્રણ ટ્રક ગોઠવી યુદ્ધના ધોરણે ગંદકી ઉલેચવા વાપી મહાનગર પાલિકાના કમિશ્નરશ્રી અને વલસાડ સહિતની અન્ય પાલિકાના ચીફ ઓફિસરશ્રીઓને સૂચના આપી હતી. નુકશાનીના ક્લેઈમ વહેલી તકે મંજુર થાય તે માટે વીમા કંપનીઓને માનવતાના ધોરણે ટીમો વધારી જલ્દી સર્વે પૂર્ણ કરવા તાકીદ કરી હતી. પાછલા બે દિવસ દરમિયાન પૂરની સ્થિતિમાં કલેક્ટરશ્રી નીતિન સાંગવાનના નેતૃત્વમાં થયેલી સફળ કામગીરી અંગે ટીમ વલસાડને નાયબ મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવી સાથે જ ચૂંટાયેલા જનપ્રતિનિધિ ઓ પણ રાતભર લોકસેવામાં લાગ્યા હતા તેમને બિરદાવ્યા હતા. નાયબ મુખ્યમંત્રીશ્રીએ મીડિયા બ્રિફિંગમાં જણાવ્યું કે, ગામડામાં પાણી ઉતરતા વીજ પુરવઠો પુનઃ કાર્યરત થાય તે માટે તૂટી પડેલા વીજતાર, વીજપોલ ઉભા કરવાની અને પાણીમાં ડૂબેલા ટ્રાન્સફોર્મરની રીપેરીંગ કામગીરી કરી વહેલી તકે વીજ પુરવઠો રાબેતા મુજબ ચાલુ કરવામાં આવશે. માર્ગ અને મકાનના તૂટેલા રસ્તાનું સર્વે કરી જલ્દીથી રીપેરીંગ કરી વાહન વ્યવહાર યોગ્ય બનાવશે. પાણી ઉતરતા કેશ ડોલની સહાય માટે આજે સાંજથી સર્વે ચાલુ થઈ જશે. જે પૂર્ણ થતા જ સહાય ચુકવવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ, સાંસદશ્રી ધવલભાઈ પટેલ, વલસાડ અને ધરમપુરના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ અને અરવિંદભાઈ પટેલ, જિલ્લા પ્રભારી સચિવશ્રી રેમ્યા મોહન, વરિષ્ઠ સનદી અધિકારીશ્રી આલોક પાંડે, રેન્જ આઈજી પ્રેમવીર સિંહ, જિલ્લા કલેક્ટરશ્રી નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી યુવરાજસિંહ જાડેજા સહિતના અધિકારીઓ તેમજ જિલ્લા સંગઠન પ્રમુખશ્રી હેમંતભાઈ કંસારા અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.




# અતિભારે વરસાદ અનુસંધાને રાજ્ય પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે વરસાદની સ્થિતિ અને બચાવ કામગીરીની સમીક્ષા કરી

**નાગરિકોની સુરક્ષા અમારી પ્રથમ પ્રાથમિકતા, રાજ્યમાં પોલીસ અને વહીવટી તંત્ર એક ટીમ બનીને રાહત-બચાવ માટે શ્રેષ્ઠ કાર્ય કરી થઈ છેઃ રાજ્ય પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક**



સવારે ૯ કલાકે પણ રાજ્યના તમામ પોલીસ કમિશનરો, રેન્જ આઈ.જી તથા જિલ્લા પોલીસ વડાઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજીને વર્તમાન સ્થિતિની સમીક્ષા કરાઈ હતી

કમલમ્,

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર -SEOC ગાંધીનગર ખાતે રાજ્ય પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે રાજ્યમાં દક્ષિણ ગુજરાતના અસરગ્રસ્ત જિલ્લાઓ ઉપરાંત અમદાવાદ સહિતના જિલ્લામાં અતિ ભારે વરસાદની પરિસ્થિતિ અંગે સમીક્ષા કરી હતી. રાજ્યમાં પૂર અને વરસાદી માહોલ વચ્ચે પોલીસ વિભાગની કામગીરી અંગે માહિતી આપતા રાજ્ય પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસ અને વહીવટીતંત્ર એક ટીમ બનીને કામ કરી રહ્યા છે તથા નાગરિકોની સુરક્ષા એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેમણે ઉમેર્યું હતું કે, દક્ષિણ ગુજરાતના વલસાડ, સુરત અને નવસારી સહિતના જિલ્લાઓમાં અતિ ભારે વરસાદ બાદ હવે સ્થિતિમાં ધીમે-ધીમે સુધારો થઈ રહ્યો છે. આમ છતાં, પોલીસ અને વહીવટીતંત્ર સતત 'એલર્ટ મોડ' પર રહીને સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. ગુજરાત પોલીસ, સ્થાનિક વહીવટીતંત્ર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો ગ્રાઉન્ડ લેવલ પર સંકલન સાથે કાર્ય કરી રહી છે. આ કામગીરીમાં સિનિયર સિટીઝન્સ, મહિલાઓ અને બાળકોને સલામત સ્થળે ખસેડવાની બાબતને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આ ઉપરાંત, અસરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા નાગરિકો સુધી ફૂડ પેકેટ્સ અને અન્ય જરૂરી સામગ્રી પહોંચાડવાની કામગીરી પણ પોલીસ ટીમ દ્વારા નિષ્ઠાપૂર્વક કરવામાં આવી રહી છે. રાજ્યભરમાં આપત્તિ વ્યવસ્થાપનને વધુ સુદ્રઢ બનાવવા NDRF અને SDRFની મળીને ૪૯ ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ઉપરાંત, વરસાદના કારણે ધરાશાયી થયેલાં વૃક્ષો અને ડાળીઓ હટાવવા તેમજ રસ્તા પર બંધ પડેલા અને ફસાયેલા વાહનોને ક્રેનની મદદથી સલામત રીતે બહાર કાઢવા માટે પોલીસ કર્મચારીઓ પોતે ગ્રાઉન્ડ પર ઉતરીને ટ્રાફિક વ્યવસ્થા પૂર્વવત કરી રહ્યા છે. રાજ્ય પોલીસ વડા શ્રી જી. એસ. મલિકે નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું હતું કે, અતિશય જરૂરી કામ વગર ઘરની બહાર નીકળવાનું નાગરિકોએ ટાળવું જોઈએ. હવામાન વિભાગની આગાહી અને પરિસ્થિતિની ચકાસણી કર્યા બાદ જ મુસાફરી યોજવી. તેમણે ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને બાળકોને બિનજરૂરી બહાર ન જવાની વિનંતી કરી હતી.

આ ઉપરાંત, સ્થાનિક તંત્ર અને પોલીસ દ્વારા જારી કરવામાં આવતી સુરક્ષા માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન કરવા નાગરિકોને વિનંતી કરી હતી. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરની આ બેઠકમાં અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ, લૉ એન્ડ ઓર્ડર ડીજીપી શ્રી રાજકુમાર પાંડિયન, આઈજીપી શ્રી મકરંદ ચૌહાણ, રાહત કમિશનર શ્રી ગૌરાંગ મકવાણા સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી મલિકે વધુમાં જણાવ્યું હતું કે, આજે સવારે ૯:૦૦ કલાકે રાજ્યના તમામ પોલીસ કમિશનરો, રેન્જ આઈ.જી તથા જિલ્લા પોલીસ વડાઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજીને વરસાદી સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ સાથે જ તમામ અધિકારીઓને ગ્રાઉન્ડ લેવલ પર જઈને સંપૂર્ણ સતર્કતા સાથે કામગીરી કરવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

## તંત્રી સ્થાનેથી......

ભારત ખેતીપ્રધાન દેશ છે અને દેશના વિકાસમાં કૃષિ ક્ષેત્રનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ રહ્યું છે. ગુજરાત રાજ્યએ પણ કૃષિ ક્ષેત્રે અનેક નવીન પહેલો દ્વારા દેશભરમાં આગવી ઓળખ ઉભી કરી છે. ખેડૂતોની આવકમાં વધારો, જમીનની ફળદ્રુપતા જાળવવી, પર્યાવરણનું સંરક્ષણ કરવું અને લોકોને ઝેરમુક્ત ખોરાક ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ સાથે રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ગિરનારની પવિત્ર તળેટી, ગીરના જંગલોની કુદરતી સંપદા, સમૃદ્ધ કૃષિ પરંપરા અને મહેનતુ ખેડૂતોના કારણે જૂનાગઢ જિલ્લો રાજ્યના મહત્વના કૃષિ જિલ્લાઓમાં સ્થાન ધરાવે છે. જિલ્લાના ખેડૂતો મગફળી, કપાસ, તલ, ઘઉં, ચણા, જીરું, ડુંગળી, શાકભાજી, કેરી સહિતના વિવિધ પાકોનું ઉત્પાદન કરે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિ પ્રત્યે વધતી જાગૃતિને કારણે ખેતીની નવી દિશા વિકસી રહી છે. પ્રાકૃતિક કૃષિ એવી પદ્ધતિ છે જેમાં રાસાયણિક ખાતર અને જંતુનાશકોનો ઉપયોગ કર્યા વગર સ્થાનિક સંસાધનો અને ગાય આધારિત પદ્ધતિઓ દ્વારા ખેતી કરવામાં આવે છે. આજે રસાયણોના વધુ પડતા ઉપયોગને કારણે જમીનનું સ્વાસ્થ્ય નબળું પડતું જાય છે. સૂક્ષ્મજીવોની સંખ્યા ઘટે છે, કાર્બનિક તત્ત્વો ઓછા થાય છે અને પાણી ધારણ કરવાની ક્ષમતા ઘટે છે. પ્રાકૃતિક કૃષિ આ તમામ સમસ્યાઓનો અસરકારક ઉપાય છે. ગાયના છાણ અને ગૌમૂત્રથી તૈયાર થતા જીવામૃત અને ઘનજીવામૃત જમીનમાં લાભદાયી જીવાણુઓની સંખ્યા વધારે છે અને જમીનને જીવંત બનાવે છે. પ્રાકૃતિક કૃષિમાં બીજામૃતનો ઉપયોગ બીજની માવજત માટે કરવામાં આવે છે. દેશી ગાયના ગૌમૂત્ર, છાણ, ચૂનો અને અન્ય કુદરતી ઘટકોમાંથી તૈયાર કરવામાં આવતું બીજામૃત બીજને ફૂગજન્ય અને જીવાણુજન્ય રોગોથી પ્રાથમિક સુરક્ષા આપે છે. બીજની અંકુરણક્ષમતા સુધરે છે, છોડનો પ્રારંભિક વિકાસ સારો થાય છે અને પાક વધુ મજબૂત બને છે. તે જ રીતે જીવામૃતને પ્રાકૃતિક કૃષિનું હૃદય માનવામાં આવે છે. ગાયના છાણ, ગૌમૂત્ર, ગોળ, અને સ્થાનિક માટીમાંથી તૈયાર થતું જીવામૃત જમીનમાં રહેલા કરોડો લાભદાયી સૂક્ષ્મજીવોને સક્રિય બનાવે છે. આ સૂક્ષ્મજીવો જમીનમાં રહેલા પોષક તત્ત્વોને છોડ માટે ઉપલબ્ધ બનાવે છે. પરિણામે જમીનની જૈવિક પ્રવૃત્તિ વધે છે, મૂળનો વિકાસ સારો થાય છે અને છોડની વૃદ્ધિ વધુ સ્વસ્થ બને છે. ઘનજીવામૃત પણ જમીનની ફળદ્રુપતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ખાસ કરીને વરસાદી મોસમ પહેલાં અથવા બાગાયતી પાકોમાં તેનો ઉપયોગ ખૂબ જ અસરકારક માનવામાં આવે છે. તે જમીનમાં કાર્બનિક તત્ત્વોનું પ્રમાણ વધારી જમીનને લાંબા સમય સુધી જીવંત અને ઉપજાઉ રાખે છે.

# સાબરકાંઠા સાયબર ક્રાઈમ પોલીસે એક મોટી 'ડિજિટલ અરેસ્ટ' સાયબર ઠગાઈને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવી

## સાબરકાંઠા સાયબર ક્રાઇમ પોલીસે વૃદ્ધ દંપતીને 'ડિજિટલ અરેસ્ટ'માં ફ્રોડસ્ટર્સને સોનું અને રોકડ આપે તે પહેલા બચાવી લીધા



બેંકના એક જાગૃત કર્મચારીએ વૃધ્ધ દંપતીને ગભરાયેલા જોયા અને શંકા જતા તાત્કાલિક પોલીસને જાણ કરી

**સાયબર ગઠિયાઓએ વૃદ્ધ દંપતીને ૨૫ તોલા સોનું ઓગાળીને બિસ્કિટ બનાવવાની અને ૨ લાખની ફિક્સ ડિપોઝિટ તોડવાની સૂચના આપી હતી**

**નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ નાગરિકોને સાયબર ફ્રોડનો ભોગ બનતા અટકાવવા અને ત્વરિત સહાય પૂરી પાડવા પોલીસને સૂચના આપી છે. તેમણે તાજેતરમાં નાગરિકોને આવા ગુનાઓથી બચાવવા માટે વરિષ્ઠ પોલીસ અને બેંક અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી**

કમલમ્,

સાબરકાંઠા સાયબર ક્રાઈમ પોલીસે એક મોટી 'ડિજિટલ અરેસ્ટ' સાયબર ઠગાઈને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવી છે. મુંબઈ પોલીસના અધિકારીઓ તરીકે ઓળખ આપીને વૃદ્ધ દંપતીને ડિજિટલ અરેસ્ટ કર્યા હતા અને પૈસા પડાવવાનો ખેલ રચ્યો હતો. જોકે, પોલીસે આ ૭૫ વર્ષીય દંપતીને તેઓ આ ઠગોને સોનુ કે પૈસા આપે તે પહેલા આ ફ્રોડમાંથી બચાવી લીધા હતા. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, સાયબર ગુનેગારોએ વૃદ્ધ દંપતીને ખોટો ડર બતાવ્યો હતો કે, રસિકભાઈ મોદી (પતિ) ના આધાર કાર્ડ સાથે લિંક થયેલા સિમ કાર્ડનો ઉપયોગ "નરેશ ગોયલ" નામના વ્યક્તિ સાથે જોડાયેલા નાણાકીય કૌભાંડમાં થયો છે. પીડિતોને ડરાવવા માટે ઠગોએ સતત ત્રણ દિવસ સુધી વિડીયો કોલ દ્વારા તેમને કહેવાતા "ડિજિટલ અરેસ્ટ" હેઠળ રાખ્યા હતા અને કાનૂની કાર્યવાહીનો ભય બતાવ્યો હતો. ત્યારબાદ ઠગોએ કેસમાંથી નામ હટાવવા માટે પૈસાની માંગણી કરી હતી. તેઓએ કથિત રીતે પીડિતોને ૨૫ તોલા સોનું ઓગાળીને બિસ્કિટ બનાવવાની અને રૂપિયા ૨ લાખની ફિક્સ ડિપોઝિટ (FD) તોડીને રકમ ભેગી કરવાની સૂચના આપી હતી. આ ઠગાઈનો પ્રયાસ ત્યારે નિષ્ફળ ગયો જ્યારે વૃદ્ધ દંપતી પૈસાની વ્યવસ્થા કરવા એક્સિસ બેંકની શાખામાં પહોંચ્યું. બેંકના એક જાગૃત કર્મચારીએ આ દંપતીને ગભરાયેલા જોયા અને શંકા ગઈ. આ બેંક કર્મચારીએ તાત્કાલિક સાબરકાંઠા સાયબર ક્રાઈમ પોલીસને જાણ કરી. ઘટનાની ગંભીરતા જોઈને સાયબર ક્રાઈમની ટીમ તુરંત બેંક પહોંચી હતી. તેમણે દંપતીનું કાઉન્સેલિંગ કર્યું, તેમને આશ્વાસન આપ્યું કે, તેઓ સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે, અને તેમને નાણાં તેમજ સોનું ગુમાવતા બચાવી લીધા. બેંક કર્મચારી અને સાયબર ક્રાઈમ પોલીસની સમયસરની સક્રિયતાને કારણે મોટું નાણાકીય નુકસાન અટકાવી શકાયું. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સાયબર ફ્રોડનો ભોગ બનવાના જોખમમાં હોય તેવા નાગરિકોને તાત્કાલિક મદદ પૂરી પાડવા પોલીસને નિર્દેશ આપ્યા છે. તેમણે તાજેતરમાં નાગરિકોને નાણાકીય ગુનાઓથી બચાવવા માટે વરિષ્ઠ પોલીસ અને બેંક અધિકારીઓ સાથે એક બેઠક યોજી હતી, જેથી યોગ્ય સંકલન સાધી શકાય અને આવા ફ્રોડ અટકાવવા માટેના પગલાં અમલમાં મૂકી શકાય. પોલીસે નાગરિકોને, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોને, "ડિજિટલ અરેસ્ટ" સ્કેમથી સતર્ક રહેવા ફરી એકવાર અપીલ કરી છે. પોલીસે સ્પષ્ટતા કરી છે કે કોઈપણ પોલીસ કે સરકારી એજન્સી વિડીયો કોલ દ્વારા તપાસ કરતી નથી કે પૈસાની માંગણી કરતી નથી. જો આવી કોઈ ઘટના બને તો તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ અથવા નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર સંપર્ક કરવા સલાહ આપવામાં આવી છે.

# પૂરની સ્થિતિ બાદ નવસારીમાં રોગચાળો અટકાવવા વહીવટીતંત્ર સજ્જ

## રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની નવસારી સિવિલ હોસ્પિટલની સરપ્રાઈઝ મુલાકાતઃ આરોગ્ય કામગીરી અને દૈનિક રિપોર્ટની સમીક્ષા કરાઈ







કમલમ્,નવસારી

નવસારી જિલ્લામાં તાજેતરમાં પૂરની અસર બાદ જનસ્વાસ્થ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને સંભવિત રોગચાળાને અટકાવવા માટે જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર જિલ્લામાં સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સંદર્ભે રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ નવસારી સિવિલ હોસ્પિટલની અચાનક (સરપ્રાઈઝ) મુલાકાત લઈ ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓ અને સફાઈ વ્યવસ્થાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત બાદ મંત્રીશ્રીની અધ્યક્ષતામાં પૂર બાદની રોગચાળા નિયંત્રણ કામગીરી અંગે એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક પણ યોજાઈ હતી. આ પ્રસંગે નવસારીના મેયર અશોકભાઈ ધોરાજીયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (CDHO) ડૉ. રંગુનવાલા તેમજ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમીક્ષા બેઠક દરમિયાન મંત્રીશ્રીએ પૂર પ્રભાવિત વિસ્તારોમાં હાથ ધરાયેલ આરોગ્ય સર્વેલન્સ અને કીટક નિયંત્રણ કામગીરીના દૈનિક રિપોર્ટની ઝીણવટપૂર્વક ચકાસણી કરી હતી.

જિલ્લાના ૧૬૯ અસરગ્રસ્ત ગામો અને ૧૧ વોર્ડ મળીને કુલ ૨૪૧ વિસ્તારોમાં ૩૨૦ સર્વેલન્સ ટીમો (પ્રત્યેક ટીમમાં ૩ સભ્યો), ૪૫ મેડિકલ ઓફિસરો, 7 MHU અને ૨૧ ઈમ્જીદ્ધ ટીમો સાથે ૧૭૯૬થી વધુ આરોગ્યકર્મચારીઓને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. વહીવટીતંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૭૬ જેટલા મેડિકલ કેમ્પ યોજીને ૬૭૭થી વધુ OPD દર્દીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી છે.

પૂરગ્રસ્ત વિસ્તારોમાં તમામ પ્રકારની જરૂરી મફત દવાઓનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યો છે. પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો અટકાવવા માટે યુદ્ધના ધોરણે વિતરણ અને સફાઈ કામગીરી હાથ ધરાઈ છે, જેમાં ૫૪,૧૩૫ ક્લોરિન ટેબ્લેટ, 578 ORS પેકેટ અને ૩૬,૯૧૪ ડોક્સીસાઈક્લીન કેપ્સ્યુલનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ પાણીના શુદ્ધિકરણની ચકાસણી માટે લેવાયેલા ૨૯૫૧ સેમ્પલમાંથી ૯૮૫ સ્થળોએ ક્લોરીન પોઝિટિવ રિપોર્ટ મળ્યો છે. આ ઉપરાંત મચ્છરોના ઉપદ્રવને અટકાવવા ૪૫,૫૯૩ પાત્રોની તપાસ કરી ૧૧,૨૬૦ કન્ટેનરમાં ટેમિફોસ ટ્રીટમેન્ટ, ૧૮૫ સ્થળોએ ઓઈલ બોલ અને ૨ સ્થળોએ ડાયફ્લુબેન્ઝ્યુરોનનો છંટકાવ કરવામાં આવ્યો છે. મંત્રીશ્રીએ આરોગ્યટીમોને સતત એલર્ટ પર રહીને કામગીરી ચાલુ રાખવા અને દવાઓનો પૂરતો જથ્થો જાળવી રાખવા કડક સૂચના આપી હતી. નવસારી જિલ્લા વહીવટીતંત્રે નાગરિકોને સ્વચ્છતા જાળવવા, ઉકાળેલું પાણી પીવા અને તાવ, ઝાડા-ઊલટી કે અન્ય લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા અનુરોધ કર્યો છે.

### રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટની અનોખી સેવા પહેલ

# ત્રણ ગામોમાં શુદ્ધ પીવાના પાણીની સુવિધાનું લોકાર્પણ



કમલમ્,સુરત

રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા સમાજસેવાના સંકલ્પને સાકાર કરતી રોટરી ગામ કલ્યાણ પ્રોજેક્ટ અંતર્ગત દેવગિરી, આમલી અને કરંજવાણ ગામોમાં આર.ઓ. વોટર ફિલ્ટર તથા વોટર કૂલરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી. આ પ્રોજેક્ટના પરિણામે ત્રણેય ગામોના શાળાના બાળકોને શુદ્ધ અને ઠંડુ પીવાનું પાણી સરળતાથી મળી રહેશે. આ સેવાયજ્ઞ માટે જાણીતા સામાજીક અગ્રણી તથા ચિરાગ જેમ્સ પ્રા લી ના ડિરેક્ટર શ્રી સુરેશભાઈ પટેલ દ્વારા ઉદાર અનુદાન આપવામાં આવ્યું હતું. તેમના આ લોકહિતના યોગદાનને રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા વિશેષ બિરદાવવામાં આવ્યું. લોકાર્પણ સમારોહ દરમિયાન રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટના પ્રમુખ રોટરિયન પરેશભાઈ ગોંડલિયાએ જણાવ્યું હતું કે, "શાળાના બાળકોને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવું એ માનવસેવાનું શ્રેષ્ઠ કાર્ય છે. રોટરી માત્ર સેવા નથી કરતી, પરંતુ લોકોના જીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવવાનો સતત પ્રયાસ કરે છે. આવનારા સમયમાં પણ આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ અને ગ્રામ વિકાસના અનેક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે." કાર્યક્રમમાં ગામના સરપંચશ્રી, ગ્રામ પંચાયતના સભ્યો, ગામના આગેવાનો, રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટના હોદ્દેદારો, સભ્યો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ પ્રોજેક્ટને ગ્રામ્ય વિકાસ માટે મહત્વપૂર્ણ અને લોકકલ્યાણકારી પહેલ ગણાવી હતી. આ સમગ્ર સેવા પ્રોજેક્ટનું સફળ આયોજન પ્રમુખ રો પરેશભાઈ ગોંડલિયા અને સેક્રેટરી રો વેજુલ વિરાણી ના માર્ગદર્શન હેઠળ મંથ લીડર રો નિતિન ધામેલિયા, પ્રોજેક્ટ કો ઓ રો ડૉ. અતુલ પટેલ તથા પ્રોજેક્ટ ચેરમેન રો કલ્પેશ બલર સક્રિય સહયોગ અને સંકલનથી સંપન્ન થયું હતું.

કાર્યક્રમના અંતે અનુદાનકર્તા શ્રી સુરેશભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું અને સમાજહિતના આવા સેવાકીય કાર્યોમાં સતત સહયોગ આપવા બદલ તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટે ભવિષ્યમાં પણ સમાજના અંતિમ વ્યક્તિ સુધી સેવા પહોંચાડવાના પોતાના સંકલ્પને પુનઃદૃઢ કર્યો હતો.

# ગાંધીનગર જિલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે તંત્ર સંપૂર્ણ સજ્જ: કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલે દ્વારા વિડિયો કોન્ફરન્સ મારફતે સમીક્ષા કરવામાં આવી

**જર્જરિત મકાનોમાંથી નાગરિકોનું સુરક્ષિત સ્થળાંતર, જેસીબી-કટર મશીન જેવા સંસાધનોનું એક્સ્ટ્રા બેકઅપ તૈયાર રાખવા સૂચના**



**'ડિઝાસ્ટર એ કોઈ એક વ્યક્તિ કે વિભાગની જવાબદારી નથી, પરંતુ આવી વિકટ કુદરતી પરિસ્થિતિમાં દરેક અધિકારી અને કર્મચારીએ પરસ્પર સંકલન જાળવીને 'ટીમ વર્ક'થી કાર્ય -કલેક્ટર શ્રી રવીન્દ્ર ખતાલે**

**સંકટ સમયમાં કોઈ પણ અધિકારી કે કર્મચારી હેડક્વાર્ટર છોડી શકશે નહીં**

કમલમ્,

ગાંધીનગર જિલ્લામાં વર્તમાન વરસાદી વાતાવરણ અને આગામી સમયમાં વધુ વરસાદની આગાહીને ધ્યાને રાખીને જિલ્લા કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલે દ્વારા ગાંધીનગર, દહેગામ, માણસા અને કલોલ તાલુકાની પરિસ્થિતિનો તાગ મેળવવા ઉચ્ચસ્તરીય વીડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમીક્ષા બેઠકમાં મામલતદારશ્રીઓ, તાલુકા અને નગરપાલિકાના અધિકારીઓ ઉપરાંત ફોરેસ્ટ, પોલીસ, 'ફ્કઝ', માર્ગ અને મકાન તથા ફાયર વિભાગ જેવા તમામ સંબંધિત તંત્રો સાથે વિસ્તૃત ચર્ચા કરીને તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

કલેક્ટરશ્રીએ દરેક તાલુકાના અંતરિયાળ ગામડાઓ સુધીની સ્થિતિનો ચિતાર મેળવી સ્પષ્ટ આદેશ આપ્યા હતા કે, કોઈપણ વિસ્તાર સંપર્ક વિહોણો ન થાય તેની ખાસ કાળજી રાખવી.

ગત વર્ષે જે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના પ્રશ્નો ઊભા થયા હતા, ત્યાં આ વર્ષે આગોતરું આયોજન કરી જરૂર જણાય તો તાત્કાલિક સ્થળાંતરની કામગીરી હાથ ધરવા તેમજ જર્જરિત મકાનોમાં વસતા નાગરિકોને વિશ્વાસમાં લઈ સલામત સ્થળે ખસેડવા ભાર મૂકવામાં આવ્યો હતો. કોઈપણ પ્રકારની આપાતકાલીન પરિસ્થિતિને પહોંચી વળવા માટે પૂરતા સંસાધનો સાથે તંત્ર સંપૂર્ણપણે સક્રિય છે. કલેક્ટરશ્રીએ સૂચના આપી હતી કે કટર મશીન, જેસીબી અને ટ્રેક્ટર જેવા સાધનોની ઈમરજન્સીમાં તાત્કાલિક જરૂર પડે ત્યારે એક્સ્ટ્રા બેકઅપ મળી રહે તે માટે એજન્સીઓ અને સાધનોના માલિકોના નામ-નંબરનું વિગતવાર લિસ્ટ હાથવગું રાખવું. આ ઉપરાંત નદી-તળાવ કે અન્ય જોખમી સ્થળો પર તાત્કાલિક બેરિકેટિંગ કરીને રસ્તાઓ બંધ કરવા, જરૂરી સ્થળોએ તરવૈયાઓને સ્ટેન્ડ-બાય રાખવા અને બંધ રસ્તાઓ તથા સ્થળાંતરિત લોકોની વિગતોની યાદી તૈયાર રાખવા જણાવવામાં આવ્યું હતું. વન વિભાગ દ્વારા ચોમાસા દરમિયાન નીકળતા સાપ કે અન્ય જીવજંતુઓના રેસ્ક્યુ માટે ખાસ ટીમ તૈનાત કરવામાં આવી છે, જ્યારે ફાયર વિભાગને પાણી નિકાલની કામગીરી સુચારુ રીતે કરવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. પોલીસ વિભાગને સમગ્ર જિલ્લામાં સતત મોનિટરિંગ અને પેટ્રોલિંગ ચાલુ રાખવા જણાવવામાં આવ્યું છે જેથી ટ્રાફિકજામ કે સુરક્ષા અંગે કોઈ પ્રશ્ન ન સર્જાય. આ સાથે જ જીઆઈડીસી વિસ્તારોમાં જરૂર પડે મદદે પહોંચવા અને ખેતી તથા પશુપાલન વિભાગને પશુમૃત્યુ કે પશુઓ તણાઈ જવાના કિસ્સાઓ ન બને તે માટે સતર્ક રહી તાત્કાલિક રિપોર્ટિંગ કરવા આદેશ કરાયા છે. બેઠકના અંતે કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અનુરોધ કર્યો હતો કે, ગમે તેટલી ઈમરજન્સી હોય આ સમય ગાળા દરમિયાન કોઈએ હેડક્વાર્ટર છોડવું નહીં. 'ડિઝાસ્ટર એ કોઈ એક વ્યક્તિ કે વિભાગની જવાબદારી નથી, પરંતુ આવી વિકટ કુદરતી પરિસ્થિતિમાં દરેક અધિકારી અને કર્મચારીએ પરસ્પર સંકલન જાળવીને 'ટીમ વર્ક'થી કાર્ય કરવાનું રહે છે.'

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.બી.એ કોલેજનાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓનો ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો



કમલમ્,

સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન તેમજ એસ.કે.પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યુટર્સ સ્ટડીઝ (બી.બી.એ) કોલેજ નું ઓરેએન્ટેશન મિકેનિકલ હોલ, LDRP કેમ્પસ ખાતે આયોજિત થયું હતું. કોલેજમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓનું સ્વાગત કાર્યક્રમનું આયોજન થયુ હતું. જેમાં કોલેજ વિદ્યાર્થીઓને મેનેજમેન્ટની સાથેસાથે દરેક ક્ષેત્રમાં તૈયાર કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેમજ તેમનામાં રહેલી આંતરિક શક્તિને ખીલવવા તેમજ તેનો ઉપયોગ તેમના વ્યવસાયિક તેમજ સામાજિક જીવનમાં સફળ બનવા ઉપયોગ કરી શકાય.તે બાબતે કોલેજ તરફથી સતત તાલીમ આપવા માટે યોગ્ય રીતે પ્રયત્ન કરવામાં આવે છે. કોલેજના આચાર્ય ડો.રમાકાંતપૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને સર્વવિદ્યાલય કેળવણીમંડળ, યુનિવર્સીટી, તેમજ કોલેજનો તલસ્પર્શી પરિચય આપવામાં આવ્યો હતો.

તેમજ વિદ્યાર્થીઓને ત્રણ વર્ષમાં અનેક ક્ષેત્રે પ્રગતિ કરવા માટે ઉત્સાહિત કર્યા હતા અને વિદ્યાર્થીઓને કોલેજની ગૌરવશીલ બાબતોને ધ્યાનમાં રાખી સફળ બનવા પ્રેરણા આપી હતી. વિદ્યાર્થીઓને યુનિવર્સિટી અને ટ્રસ્ટ બાબતે વિડીયો પ્રેઝન્ટેશન બતાવી માહિતગાર કરવામાં આવ્યા હતા.ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને કોલેજની વિવિધ શૈક્ષણિક તેમજ સહ-શૈક્ષણિક પ્રવૃતિઓનો પરિચય આપ્યો હતો. જેમાં વર્કશોપ-સીરિઝ,વિવિધ-સેમિનાર,રાજ્યકક્ષાનો-સાંસ્કૃતિક-કાર્યક્રમ-આઈના, મેનેજમેંટ-મોડેલ્સપ્રદર્શન, આંત્રપ્રેનયોર-ફિયાસટા, કોર્પફેસ્ટ, એલ્યુમિની મીટ તેમજ તમામ સેલ દ્વારા ચાલતી પ્રવૃતિઓમાં કોલેજના વિદ્યાર્થીઓની ભાગીદારી સહિત ઈન્ડસ્ટ્રીયલ-વિઝિટ, ઈટર્નશિપ, પ્લેસમેંટ સહિતની પ્રવૃતિઓ માટે માર્ગદર્શિત કર્યા હતા. દ્વિતીય અને તૃતીય વર્ષનાં ૨૪ વિદ્યાર્થીઓ સંકલન કાર્યમાં વોલીયંટિયર્સ તરીકે સહભાગી થયા હતા. આજના કાર્યક્રમમાં પ્રથમ વર્ષના ૫૮૦ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક હાજર જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના, સહિત સમગ્ર કોલેજ પરિવાર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો

# ગાંધીનગર કલેક્ટરશ્રીએ વરસાદી સ્થિતિ વચ્ચે સજ્જતાની સમીક્ષા કરી આપી સૂચનાઓ

**જનસુરક્ષા માટે તંત્ર સતર્કઃ ગાંધીનગર કલેક્ટરશ્રી અને અધિક કલેક્ટરશ્રીએ લીધી ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની મુલાકાત**



કમલમ્, ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં હાલ ચાલી રહેલા વરસાદી માહોલ અને ચોમાસાની સ્થિતિને પગલે વહીવટી તંત્ર દ્વારા તમામ સુરક્ષાત્મક અને રાહત કામગીરીઓ પર સુચારુ નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે આજરોજ કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલે, નિવાસી અધિક કલેક્ટરશ્રી વિપુલ ઠક્કર તેમજ અધિક કલેક્ટરશ્રી અમિત પરમાર દ્વારા સંયુક્ત રીતે જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન કલેક્ટર શ્રી અને ઉચ્ચ અધિકારીઓએ જિલ્લામાં વરસાદના કારણે ઊભી થયેલી સ્થિતિ, વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ, માર્ગવ્યવહાર અને વીજ પુરવઠાની પરિસ્થિતિ અંગે કંટ્રોલ રૂમ ખાતેથી વિગતો મેળવી હતી. તેમણે કંટ્રોલ રૂમમાં મળતા સંદેશાઓ અને નાગરિકોની ફરિયાદો પર થતી ત્વરિત કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. કલેકટરશ્રી ખતાલેએ જિલ્લાના તમામ તાલુકાઓ સાથે સંકલન જાળવીને કોઈપણ આપાતકાલીન પરિસ્થિતિમાં ટૂંકા સમયમાં રાહત-બચાવ કામગીરી પહોંચાડવા માટે સ્ટાફને જરૂરી ટેકનિકલ અને વ્યવસ્થાપકીય સૂચનાઓ આપી હતી. કંટ્રોલ રૂમની ટીમ ૨૪ કલાક સતર્ક રહીને કામ કરે અને નાગરિકોને કોઈપણ મુશ્કેલી વિના ત્વરિત સહાય મળે તે સુનિશ્ચિત કરવા તેમણે માર્ગદર્શન પૂરુ પાડ્યું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ આજરોજ પણ ગાંધીનગર જિલ્લામાં ભારે વરસાદની શક્યતા છે ત્યારે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર નાગરિકોની સુરક્ષા માટે નિરંતર કટિબદ્ધ છે અને કોઈપણ વિપરીત પરિસ્થિતિને પહોંચી વળવા માટે સંપૂર્ણરીતે સજ્જ છે.

# ભારે વરસાદ વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ત્વરિતકામગીરી



કમલમ્,અમદાવાદ,

અમદાવાદ શહેરમાં આજે પડેલા ભારે વરસાદને પગલે નિર્ણયનગર અન્ડરપાસ ખાતે સવારે ૧૧:૩૫ કલાકે વરસાદી પાણી ભરાતા વાહનવ્યવહારને થોડા સમય માટે બંધ કરવામાં આવ્યો હતો. પરિસ્થિતિની જાણ થતાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવી હતી. AMC ની ટીમે ઝડપી કાર્યવાહી કરીને વરસાદી પાણીનો નિકાલ કરવાની કામગીરી હાથ ધરી હતી. સતત કામગીરીના પરિણામે બપોરે ૧૨:૨૭ કલાક સુધીમાં અન્ડરપાસમાંથી વરસાદી પાણીનો નિકાલ કરી સ્થળની સાફ-સફાઈ પૂર્ણ કરવામાં આવી હતી. ત્યારબાદ વાહનવ્યવહારને સુવ્યવસ્થિત રીતે પુનઃ શરૂ કરવામાં આવ્યો હતો. AMC ની ત્વરિત કામગીરીના કારણે નાગરિકોને લાંબા સમય સુધી કોઈ અગવડતા ન પડે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું હતુ. ભારે વરસાદની પરિસ્થિતિમાં પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ દ્વારા ઝડપી પ્રતિસાદ આપી જાહેર સુવિધા અને વાહનવ્યવહાર જળવાઈ રહે તે માટે અસરકારક કામગીરી કરવામાં આવી હતી.

